# ઋણસ્વીકાર

'વિના સહકાર નહિ ઉદ્ધાર' એ ઉક્તિ જીવનમાં લગભગ બધાં ક્ષેત્રોમાં વધતે-ઓછે અંશે જોવા મળતી હોય છે; પરંતુ સંશોધન એ સહિયારું કાર્ય ગણાય છે. સંશોધકે એક-બે નહિ; પણ ઘણી બધી વ્યક્તિઓ સાથે સહકાર સાધી આ કાર્ય પાર પાડવાનું હોય છે. તેમાં બધાં પાસેથી સહકાર મળી રહે એ સુખદ ઘટના જ કહેવાય ને ! આવી સુખદ ઘટનાનો જેમણે સાક્ષી બનાવ્યો છે તેવા સૌ સ્વજનોનો ઋણસ્વીકાર કરું છું.

સૌ પ્રથમ મારા માર્ગદર્શકશ્રી ડૉ. રાયસિંગ બી. ચૌધરી કે જેમણે વિષયની પસંદગીથી શરૂ કરીને વિવિધ ગાણિતિક પદ્ધતિ અને પ્રયુક્તિઓ સમજાવી અને અહેવાલ લેખનના અંતિમ ચરણ સુધી સતત સહૃદયતાપૂર્વક, સહકારની ભાવના સાથે, સરળતાથી, આત્મીયતાથી, પથદર્શનની સાથે, સતત પ્રોત્સાહિત કર્યો છે તેમનો વંદનસહ આભાર માનું છું.

પ્રસ્તુત સંશોધન માટે પોતાનો કિમતી સમય ફાળવવા માટે, સૂચનો કરવા માટે, પુસ્તકો દર્શાવવાં માટે તેમજ પ્રસ્તુત સંશોધન માટેંના ઉપકરણો તૈયાર કરવા માટે પાયાનું કામ કરી આપનાર ગુજરાતના વિદ્વાન અને નામાંકિત તજ્જ્ઞશ્રીઓનો સંશોધક ખૂબ જ ઋણી છે.

પ્રસ્તુત સંશોધન માટે જેમણે મને સતત સહકાર અને પ્રોત્સાહન પૂરું પાડ્યું એવા મારી કૉલેજના આચાર્યશ્રી અને સૌ અધ્યાપક મિત્રોનો પણ સંશોધક અત્રે ઋણસ્વીકાર કરે છે.

હિતેશભાઇ, કિશનભાઇ, સંદિપભાઇ, ચેતનભાઇ, ભાવિકભાઇ અને મિતલબેનનો પણ પ્રસ્તુત સંશોધન માટેની માહિતી પૃથક્કરણમાં સહકાર આપવા બદલ સંશોધક અત્રે ઋણ સ્વીકાર કરે છે. તેમજ પ્રસ્તુત સંશોધન અંગે અંકશાસ્ત્રીય ગણતરી અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવા બદલ ડૉ. રોહિતભાઇ પટેલનો પણ સંશોધક ઋણસ્વીકાર કરે છે.

પ્રસ્તુત સંશોધન જેમના વિના શક્ય ન હોતું તેવા દક્ષિણ ગુજરાતનાં માધ્યમિક વિદ્યાલયોના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વિદ્યાર્થીઓ અને શાળાના અન્ય કર્મચારી ગણનો સંશોધક અત્રે ખૂબ જ ઋણસ્વીકાર કરે છે.

મારા આ સંશોધન કાર્યમાં મને આરંભથી અંત સુધી સતત સહકાર, હૂંફ અને પ્રોત્સાહન પૂરું પાડનાર ધર્મપત્ની સ્મિતા અને પુત્ર રિષી તેમજ માતા-પિતા અને પરિવારજનોનો પણ સંશોધક ખૂબ-ખૂબ આભાર માને છે.

મારા આ સંશોધન અહેવાલને સ્વચ્છ અને સુઘડ રીતે સમય મર્યાદામાં કમ્પ્યૂટર પર ટાઇપ કરી આપનાર શ્રી સૌરીનભાઇ, જીજ્ઞાસા તથા શીતલબેનનો પણ સંશોધક આભાર માને છે.

અંતમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંશોધન કાર્યમાં સહાય કરનાર સર્વે માટે સંશોધક અતંઃકરણ પૂર્વક આભારની લાગણી વ્યકત કરે છે.

**બીલીમોરા** **શ્રી વિનય એન. પટેલ**

**જાન્યુઆરી - 2011**